# Bhakta Kavi Narsinh Mehta University - Junagadh

# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**BKNMU/TenderNo./ 17 /2026 Tender Id :**

## <u>ટેન્ડર દસ્તાવેજ</u>

## વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ(ડ્રાઈવર સાથે) ભાડેથી પૂરી પાડવા માટેનું ઇ–ટેન્ડર ફોર્મ (બિન તબદીલ પાત્ર)

## E-Tender for providing various types of vehicles (with Driver) services on rent (Non-Transferable)

ટેન્ડર આમંત્રિત કરનાર :

કુલ સચિવશ્રી,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનિક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨ ૨૬૩

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in

## ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી–જુનાગઢ હસ્તકનાં મુખ્ય મથક ખાતે વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ(ડ્રાઈવર સાથે) ભાડેથી મેળવવાના ઈજારો આપવા એજન્સી નક્કી કરવા અંગેની કામગીરી


| ક્રમ | વિગતો | પાના નંબર |
|---|---|---|
| ૧) | ટેન્ડર શિડયુલ | 03-04 |
| ૨) | વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ(ડ્રાઈવર સાથે) ભાડેથી પૂરી પાડવા અંગેના ટેન્ડરનો સમયગાળો, ટેન્ડરની લાયકાત, ટેન્ડર માટેની સામાન્ય શરતો, બોલીઓ અને સૂચનાઓ અને ટેન્ડરના ભાવો અને સમય મર્યાદા, સ્વિકૃતિ અને ટેન્ડર કયારે રદ બાતલ ગણાય | 05-09 |
| ૩) | ટેકનીકલ લાયકાતના ફોર્મ | 10-11 |
| ૪) | ડીકલેરેશન | 12 |
| ૫) | બાંહેધરી પત્રક | 13 |
| ૬) | ડયુટી સ્લિપ અંગેનો નમુનો | 14 |
| ૭) | વાહનોની સેવાઓ સામેના ભાવપત્રક | 15 |

# : Tender Schedule :

| | | |
|---|---|---|
| 01 | Tender No | **BKNMU/Gen.Store/Tender No./17/2026** |
| 02 | Name of Work / Job | **E-Tender for providing various types of vehicles (with Driver) services on rent (Non-Transferable)** |
| 03 | Location | Junagadh |
| 04 | Tender Fee [Non-refundable] | **Rs. 1500/- by D.D.** should be of **Nationalized Bank** only in favour of**"The Registrar, Bhakta Kavi Narsinh Mehta University"** payable at Junagadh |
| 05 | Availability of tender | On web site www.tender.nprocure.com |
| 06 | Total Estimated Cost | **Rs. 10,00,000 (Ten Lac only)** |
| 07 | Earnest Money deposit | **Rs. 30,000 (3%** of the Estimated cost), By D.D of **Nationalized Bank** only in favour of **"The Registrar,Bhakta Kavi Narsinh Mehta University"** payable at Junagadh and to be enclosed along with technical bid only, failing which tender will not be considered as a valid tender. |
| 08 | Security Deposit | 5 % of contract value in form of D.D for period of 12 months of Nationalized Bank only in favour of "The Registrar, BKNMU Junagadh" payable at Junagadh, to be submitted on issue of LOI. |
| 09 | Time limit of work | 12 months from date of work order. It can be extended for the required period of time at the discretionary of BKNMU authority but not more than 12 months. |
| 10 | Date & time of start Downloading Period of tender documents | Dt. 08/07/2026 at 11:00 am onwards, bidders can download the tender documents free of cost from the website: www.bknmu.edu.in |
| 12 | Last date & time of online submission of technical bid | Dt. 28/07/2026 Before 6.00 PM |
| 13 | Last date & time of submission of price/ commercial/financial bid by e-tendering online only | Dt. 28/07/2026 Before 6.00 PM |
| 14 | Last date of submission of technical bid, tender fee, EMD and other documents by RPAD/courier at University address mentioned in Tender | Dt. 31/07/2026 Before 6.00 PM |
| 15 | Address for submission of technical bid, tender fee, EMD and other documents by RPAD/courier in a single envelope superscribed with, | Registrar, Bhakta Kavi Narsinh Mehta University, Government Polytechnic Campus at Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh-362 263 |

| | | |
|---|---|---|
| | "tender for Providing vehicles services on rent of BKNMU" with the name and address of sender | |
| 16 | Date and time for opening of Technical Bid | On 01/08/2025 at 03:00 PM – Office of The Registrar, **BKNMU, Junagadh**. |
| 17 | Date and time for opening of Financial bid | Will be intimated only to those bidders who pass through technical qualification criteria. |
| 18 | Validity of Offer | 180 days |
| 19 | Income Tax/Cess. /Taxes/Other If any. | Shall be deducted from every running Bill and final bill / payment as applicable from time to time as per GOI / State Govt. rules. |
| 20 | Date of Commencement | 7 days from the date of receipt of letter of intent from the **BKNMU, Junagadh** |
| 21 | Submission of Tender | Separate in Envelopes. |

1. **Bhakta Kavi Narsinh Mehta University** [BKNMU] reserves all the rights to reject any or all the tenders or split the work between more than one bidder without assigning any reason thereof.
2. The bidders are required to quote the rate strictly as per the terms and conditions mentioned in the Tender document. The conditional tender will not be entertained and shall be liable for outright rejection.
3. Bidders are requested to visit the site before quoting the tender.
4. Tender will be considered only of those parties having Permanent Account Number of Income Tax, GST No and qualified as per Pre qualification criteria/bid.
5. The bid may be rejected in the case if Technical and Price bids are put in the same envelope.

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[Gujarat Public Universities Act No. 15/2023]

Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,

Khadiya, Junagadh-362263 (Gujarat)

Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in-----

Tender Document for Providing Various Types of Vehicles (with Driver) Services on Rent

**(Non-Transferable)**

**CHECK LIST FOR TECHNICAL BID**

**Applicant has to enclose following mandatory documents along with said checklist while submission tender as per Sr No shown below. Specify enclosure with (Yes / No)**

**(Applicant must upload below documents Online & Offline)**

| Sr. No | Particulars | Enclosed Yes / No | Page No. |
|---|---|---|---|
| ૧. | ટેન્ડર ફી (Rs. 1500) | | |
| ૨. | ઈ.એમ.ડી. (Rs. 30000) | | |
| ૩. | શોપ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ રજીસ્ટ્રેશન | | |
| ૪. | GST નંબર કોપી | | |
| ૫. | પાન નંબર કોપી | | |
| ૬. | ત્રણ વર્ષના વાર્ષિક સરેરાશ ટર્ન ઓવરની C.A. પ્રમાણિત નકલ ( વર્ષ ૨૦૨૨–૨૩, ૨૦૨૩–૨૪ અને ૨૦૨૪–૨૫માં મીનીમમ ૫,૦૦,૦૦૦/– નું હોવું ફરજીયાત) | | |
| ૭. | ટેન્ડર દર્શીત તમામ પ્રકારના વાહનો ટેક્ષી પાસીગ/કોમર્શિયલ પાસિંગના હોવા જોઈએ તેમજ તે મુજબના દસ્તાવેજોની નકલો | | |
| ૮. | નો ઓર્ડર પેન્ડીગ/ડીફોલ્ટર/બ્લેકલીસ્ટ અન્વયે કબુલાત નામુ (૩૦૦ના સ્ટેપ પેપર પર) | | |
| ૯. | પાર્ટી/એજન્સી પાસે હાલમાં કાર્યરત વાહનોની માહીતી. | | |

## ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી–જુનાગઢ હસ્તકનાં મુખ્ય મથક ખાતે વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ(ડ્રાઈવર સાથે) ભાડેથી પૂરી પાડવા અંગેના ટેન્ડરનો સમયગાળો, ટેન્ડરરની લાયકાત,ટેન્ડર માટેની સામાન્ય શરતો, બોલીઓ અને સુચનાઓ

| યુનિવર્સિટી અંગેની માહિતી | |
|---|---|
| ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રાજય સરકારશ્રી દ્વારા સ્થાપિત સરકારી યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટીનું મુખ્ય મથક જુનાગઢ ખાતે છે. યુનિવર્સિટીમાં સ્નાતક/અનુસ્નાતક/મેડીકલ–પેરા મેડીકલ તથા ડીપ્લોમાં/પી.જી. ડીપ્લોમાં/ સર્ટીફીકેટ કક્ષાના વિવિધ અભ્યાસક્રમો ચાલે છે. યુનિવર્સિટી કાર્યક્ષેત્ર હેઠળ ચાર જિલ્લા આવે છે જેમાં અનુક્રમે જુનાગઢ, પોરબંદર, ગીરસોમનાથ અને દેવભૂમી દ્વારકાની યુનિવર્સિટી સંલગ્ન અંદાજીત ૧૭૦ થી વધુ સ્નાતક કોલેજો અને ૭૫ જેટલા અનુસ્નાતક કેન્દ્રો, યુનિવર્સિટી અનુસ્નાતક ભવન તથા ડીપ્લોમાં–સર્ટીફીકેટ કોર્ષ કેન્દ્રો જોડાયેલા છે. યુનિવર્સિટી કાર્યક્ષેત્રમાં અંદાજીત એક લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. યુનિવર્સિટી કાર્યક્ષેત્રમાં આવેલ સંલગ્ન કોલેજો/કેન્દ્રો ખાતે પરીક્ષા સાહિત્ય / ઓબ્ઝર્વર /સ્કવોડ વગેરેની કામગીરી માટે અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ/ સભ્યશ્રીઓ તથા યુનિવર્સિટીની વિવિધ પ્રકારની કામગીરી / કાર્યક્રમો અંતર્ગત વાહનોની વ્યવસ્થાની આવશ્યકતા રહે છે જે માટે વર્ષ દરમ્યાન જરૂર પડે ત્યારે વાહનો પુરા પાડવાના રહેશે. | |
| **કામનું નામ** | |
| | ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ મુખ્ય મથકે વાર્ષિક ધોરણેવિવિધ પ્રકારના વાહનોની સેવાઓ(ડ્રાઈવર સાથે) ભાડેથી પુરા પાડવા અંગે. |
| **કામનું સરનામુ** | |
| | ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, સરકારી પોલિટેકનિક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, જૂનાગઢ – ૩૬૨ ૨૬૩ |
| **કામની રકમ (અંદાજીત)** | |
| | રૂા : ૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂા દસ લાખ પુરા ) |
| **કામગીરીનો સમયગાળો** | |
| | નિમણૂંક થનાર એજન્સી સાથે કરારમાં દર્શીત નિમણૂંક તારીખથી એક વર્ષ સુધીનો રહેશે ત્યારબાદ ખાસ કિસ્સામાં / ખાસ કારણોસર સરકારશ્રીના નિયમો અનુસાર મહત્તમ એક વર્ષના સમયગાળા સુધી પરસ્પર સંમતિથી કરાર લંબાવી શકાશે. (માનનિય કુલપતિશ્રીની મંજુરી/સક્ષમ સતામંડળની મંજુરીને આધિન) |
| **અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD)** | |
| | રૂા.૩૦,૦૦૦/– (ટેન્ડરની કુલ અંદાજીત કિંમતના ૩% પ્રમાણે) |
| **સિક્યુરીટી ડિપોઝીટ (SD)** | |
| | રૂા ૫૦,૦૦૦/– (ટેન્ડરની કુલ અંદાજીત કિંમતના ૫% પ્રમાણે) |

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in-----

# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી – જુનાગઢ

## વાહન ભાડે મેળવવા અંગેની સામાન્ય શરતો

| ટેન્ડરની સામાન્ય શરતો | |
|---|---|
| 1. | ટેન્ડર ફોર્મ www.tender.nprocure.com પરથી મેળવી ઓનલાઈન ભરી હાર્ડકોપી **તારીખ: ૩૧/૦૭/૨૦૨૬ સાંજના ૬:૦૦ વાગ્યા** સુધીમાં રજીસ્ટર પોસ્ટ/ સ્પીડ પોસ્ટ / કુરીયર મારફતે કુલસચિવશ્રી,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ–૩૬૨ ૨૬૩ ને મળે તે રીતે મોકલી આપવાનું રહેશે. **સીલબંધ કવર પર "વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ(ડ્રાઈવર સાથે) ભાડેથી પુરી પાડવા માટેનું ટેન્ડર ફોર્મ" તેમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.** |
| 2. | કુલસચિવશ્રી,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીને સમયસર નહી પહોચ્યાં હોય તેવા અને નેશનલાઈઝડ બેન્કની EMD/ ટેન્ડર ફી વગરના અથવા સહિ કર્યા વગરના ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. |
| 3. | ટેન્ડરરે નીચે મુજબ સમગ્ર ટેન્ડર રજૂ કરવાનું રહેશે. **આ તમામ કવરો તેના મથાળા સાથે ટેન્ડરરના સહી–સિકકા કરી સીલબંધ રજુ કરવાના રહેશે.**<br>**(૧) પ્રથમ કવર :** ટેન્ડર ફોર્મ ફી મૂકીને "ટેન્ડર ફોર્મ ફી કવર" એમ લખવાનું રહેશે.<br>**(૨) બીજુ કવર :** ઈ.એમ.ડી. રકમ મૂકીને "ઈ.એમ.ડી."નુ કવર એમ લખવાનું રહેશે.<br>**(૩) ત્રીજુ કવર :** ટેકનીકલ બીડ પરિશિષ્ટ ભરી તેની સાથેના તમામ દસ્તાવેજો સાથે મૂકીને "ટેકનીકલ બીડનું કવર" એમ દર્શાવવાનું રહેશે.<br>**(૪) ચોથુ કવર :** કરારનામાંના પરિશિષ્ટ મૂકીને "કરારનામાં પરિશિષ્ટનું કવર" એમ લખવાનું રહેશે.<br>ઉપરોકત ક્રમ ૧ થી ૪ ના કવર એક મોટા કવરમાં મૂકીને મોટા અક્ષરે "**વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ (ડ્રાઈવર સાથે) ભાડેથી પુરી પાડવા અંગેના ટેન્ડર**" તેમ લખી રજૂ કરવાનું રહેશે. |
| 4. | સિકયોરીટી ડીપોઝીટ રૂા. ૫૦,૦૦૦/– ટેન્ડર મંજુર થનાર પાર્ટીએ દિન–૭માં યુનિવર્સિટી ખાતે જમાં કરાવવાની રહેશે. કરાર દરમ્યાન કામગીરી પડતી મુકવાના કિસ્સામાં સિકયુરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને એજન્સીને બ્લેક લીસ્ટ કરવામાં આવશે. |
| 5. | કોઈપણ ટેન્ડરર તેઓનુ ટેન્ડર નિયત સમયમાં રજૂ કર્યા પછી તેઓના ટેન્ડર ના ખોલવા કે પરત ખેચવા માટેની લેખીત કે મૌખીક રજુઆત સ્વીકારાશે નહિ. જો ટેન્ડરર તેમ કરવા માંગશે તેઓની ઈ.એમ.ડી. રકમ જપ્ત કરવામાં આવશે. |
| 6. | તમામ વાહનોનું આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન વર્ષ ૨૦૨૦ પછીના હોવા આવશ્યક છે. |
| 7. | વાહનના ટેકસ,વીમો ભરાયેલા, PUC તથા અન્ય પ્રમાણપત્રો ટેન્ડર સાથે જોડવાના રહેશે. |
| 8. | ટેન્ડરર પાર્ટી દ્વારા ટેન્ડર દર્શીત તમામ પ્રકારના વાહનો ટેક્ષી પાસીગ/કોમર્શિયલ પાસિંગના હોવા જોઈએ તેમજ તે મુજબના દસ્તાવેજોની નકલો પુરી પાડવાની રહેશે. |
| 9. | વાર્ષિક ધોરણે કરાર સમય દરમ્યાન કોઈપણ ભાવવધારો ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. (ડીઝલ /પેટ્રોલના ભાવવધારાને ધ્યાને લેવામાં આવશે નહિ.) |
| 10. | વાહન સારી કંન્ડીશનમાં હોવું જરૂરી છે, યુનિવર્સિટીના કર્મચારીશ્રી/અધિકારીશ્રીને કંન્ડીશન સારી ન જણાય તેવા કિસ્સામાં અન્ય વાહનની વ્યવસ્થા કરી આપવાની રહેશે. |
| 11. | જે–તે પ્રકારના વાહનોની અત્રેથી નિયત રૂટની મુસાફરી દરમ્યાન નિયમોનુંસાર ટોલટેક્ષ ચુકવવામાં આવેલ હશે તો તે અલગથી મળવાપાત્ર રહેશે. ભરેલ ટોલટેક્ષની પહોંચ રજુ કરવાની રહેશે. |
| 12. | આ કામની સેવા આપવા ઈચ્છુક ટેન્ડરર પાસે ટ્રાન્સપોર્ટ સેવા પૂરી પાડવા અંગેનું જરૂરી લાયસન્સ, કોમ્પ્રીહેન્સીવ ઈન્સ્યોરન્સ, તમામ વાહનોના આર.ટી.ઓ. પાસીગ, આર.સી.બુક, પી.યુ.સી. વગેરે હોવા આવશ્યક છે તથા તે વખતો વખત રીન્યુ કરાવવાના રહેશે અને દરેકની નકલ ટેન્ડર ફોર્મની સાથે અચુક બિડાણ કરવાની રહેશે. |

| | |
|---|---|
| 13. | પ્રવાસ શરૂ થયા પહેલા કે પ્રવાસ દરમ્યાન કોઈ પણ પ્રકારની રોકડ રકમ એડવાન્સ આપવામાં આવશે નહી એટલે કે, વાહન માટે ઈંધણ ખર્ચ, ડ્રાઈવર નિભાવણી ખર્ચ, ટોલટેક્ષ તથા અન્ય મેઈન્ટનન્સ વગેરેની પુરતી વ્યવસ્થા ટેન્ડરરે કરવાની રહેશે. |
| 14. | **એજન્સીએ યુનિવર્સિટી કાર્યક્ષેત્રના ચાર જિલ્લા(જુનાગઢ, ગીરસોમનાથ,પોરબંદર,દેવભૂમિ દ્વારકા) ઉપરાંત રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર ખાતેથી યુનિવર્સિટીને જરૂર જણાય ત્યારે જે–તે સ્થળેથી વાહન સુવિધા પુરી પાડવાની રહેશે.** |
| 15. | વાહન ૩૦૦ કિ.મી.થી વધારેના રૂટ પર પ્રતિ કિ.મી. મંજુર થયેલ ભાવે જ ભાડું આકવાનું રહેશે. |
| 16. | મુસાફરી દરમ્યાન વાહનમાં ખરાબી થવાનાં કારણે કે અન્ય કોઈ કારણથી વાહન ચાલી શકે તેમ ના હોય તો મુસાફર કરનાર અધિકારીશ્રી/કર્મચારીશ્રી માટે વાહનની અન્ય વ્યવસ્થા એજન્સીએ કરી આપવાની રહેશે. આ પ્રકારની મુસાફરી માટે કોઈપણ પ્રકારનું અલગથી/વધારાનું ચુકવણું કરવામાં આવશે નહી એટલે કે ચાલુ મુસાફરી દરમ્યાન ડ્રાઈવર કે વાહન પડતા મુકવાના કિસ્સામાં ભોગવવી પડતી હાલાકી અને થનાર ખર્ચ એજન્સી પાસેથી વસુલવામાં આવશે. |
| 17. | લાયકાત ધરાવતાં અનુભવી ડ્રાઈવર ફરજ પર મુકવાના રહેશે, ડ્રાઈવર અંગેની તમામ જવાબદારી એજન્સીની રહેશે. યુનિવર્સિટી દ્વારા જયારે પણ જણાવવામાં આવે ત્યારે ડ્રાઈવર બદલી આપવાના રહેશે અને દરેક ડ્રાઇવર પાસે આર.ટી.ઓ માન્ય લાયસન્સ સાથે મોકલવાના રહેશે. |
| 18. | ટેન્ડરમાં સમાવિષ્ટ તમામ શરતો અને સુચનાઓ, લાયકાત, બોલીઓ વગેરે તથા એજન્સી અને યુનિવર્સિટી સાથે થનાર કરાર સેવાઓનો જ ભાગ ગણાશે. |
| 19. | યુનિવર્સિટીને જયારે જરૂર જણાય ત્યારે તાત્કાલિક વાહનની વ્યવસ્થા કરવાની રહેશે. |
| 20. | યુનિવર્સિટીની કામગીરી દરમ્યાન વાહનને કોઈ નુકશાન કે કોઈપણ પ્રકારના અકસ્માત, થર્ડ પાર્ટી અકસ્માત કે શારીરીક ઈજા–હાની થશે તો તેની કાયદાકીય અથવા અન્ય કોઈપણ સઘળી જવાબદારી એજન્સીની રહેશે.તે અંગે ચુકવવા પાત્ર વળતર નુકશાની કે દાવાની કોઈ રકમની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહી અને કોઈ કાયદાકીય પ્રશ્ન બાબતમાં યુનિવર્સિટીની જવાબદારી રહેશે નહી. |
| 21. | ડ્રાઈવરે મુસાફરી પત્રકમાં તમામ માહિતી સંપૂર્ણ ભરવાની રહેશે. જેમ કે સ્થળ,ગાડીના નંબર, ડ્રાઈવરનું નામ,ગાડીમાં બેસનાર અધિકારીશ્રીનું નામ તથા સહી, કિલોમીટર, જવાનો સમય તથા પરત આવવાનો સમય અને પત્રકમાં છેલ્લે ડ્રાઇવર તથા એજન્સીના માલિક/અધિકૃત વ્યકિતની સહી સાથે બિલનું દરેક દિવસના પત્રકો જોડવાના રહેશે. |
| 22. | મુસાફરી પૂર્ણ થયે લોગબુક/મુસાફરી મેમો ઉપર મુસાફરી કરનાર યુનિવર્સિટી સંબંધિત અધિકારી/કર્મચારીની સહિ અચુક મેળવી રહેવાની રહેશે જેને બિલ સાથે અવશ્ય બિડાણ કરવાના રહેશે. |
| 23. | **એજન્સીએ દરેક બિલની સાથે જે વાહનનો ઉપયોગ કરવામાં આવેલ હોય તેની આર.સી.બુકની નકલ ફરજીયાત રજુ કરવાની રહેશે.** |
| 24. | **મુસાફરી દરમ્યાન નિયમોનુંસાર ટોલટેક્ષ ભરેલ હોય તો તે તમામની અસલ પાવતી/ જે–તે બેંકના ફાસ્ટ ટેગનું સ્ટેટમેન્ટ/ટિકસટ મેસેજ અને તે તમામની એક સ્વપ્રમાણિત નકલ કરી બિલ સાથે રજુ કરવાની રહેશે. અન્યથા ટોલટેક્ષની રકમ બીલની રકમમાંથી કપાત કરવામાં આવશે.(વાર્ષિક પાસ સિસ્ટમ કરાવેલ હોય તો તેની પહોંચ રજુ કરવાની રહેશે.)** |
| 25. | ટેન્ડર સામે પુરા પાડવાના વિવિધ વાહનો સામાન્યતઃ હેડ કવાટર્સ થી હેડ કવાટર્સ સુધીની સેવાઓ પુરી પાડવાની રહેશે. તેમજ તે મુજબ ખરેખર થયેલ મુસાફરીના કુલ કીલોમીટર મુજબ મંજુર થાય તે દરે ચુકવણું કરવામાં આવશે. યુનિવર્સિટીના કર્મચારી તથા અધિકારશ્રીઓ સાથે ડ્રાઈવરે શિસ્તબધ્ધ રીતે વતુર્ણક કરવાની રહેશે. |
| 26. | પાર્ટીએ ચુકવણાંના બીલો મંજુર થયેલા દર મુજબ તથા ખરેખર ભરેલા ટોલટેક્ષ/પાર્કીગ ચાર્જની રકમ ઉમેરીને "કુલસચિવ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,ના નામના બે નકલ માં બનાવીને સંબંધિત મહિનો પુર્ણ |

| | |
|---|---|
| | થયા બાદ રજુ કરવાના રહેશે. બીલના ચુકવણામાંથી નિયમોનુંસાર IT TDS અને GST TDS કપાત કરવામાં આવશે. |
| 27. | પોતાની સ્વ–માલિકીના વાહનોની સંખ્યા અને કયાં પ્રકારના વાહનો છે તે દર્શાવવાનું રહેશે. |
| 28. | દરેક ગાડીના પી.યુ.સી./ઈન્સયોરન્સ સર્ટીફીકેટ મેળવવાની ગંભીરતા એજન્સીની રહેશે. |
| 29. | દરેક વાહનો આર.ટી.ઓ પાસીગ અને તેના નિયમો અનુસારના ફાળવવાના રહેશે. |
| 30. | પરીક્ષાને લગતી કામગીરી હોય તેની ગોપનીયતા જાળવવાની રહેશે અને સાહિત્ય સામગ્રી, ઉતરવહિ બંડલને કોઈ નુકશાન ન થાય તે જોવાની જવાબદારી એજન્સીની રહેશે.જો કોઈ સાહિત્ય સામગ્રી, ઉતરવહિ બંડલને નુકશાન થશે કે ખોવાશે તો ઘટ–નુકશાનીની રકમ ટેન્ડરરના બીલ માંથી કે સિકયુરીટી ડિપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે. |
| 31. | યુનિવર્સિટીના પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા સાહિત્ય તેમજ અન્ય સાહિત્ય પહોચાડવાનું થાય ત્યારે એકથી વધારે વાહનની જરૂરીયાત રહેશે અને યુનિવર્સિટી દ્વારા જે રૂટ નકકી કરવામાં આવશે તે પ્રમાણેના રૂટ મુજબ જ કેન્દ્રો ઉપર સાહિત્ય પહોચાડવા તેટલી સંખ્યામાં વાહનો અચુક ઉપલબ્ધ કરાવવાના રહેશે. |
| 32. | યુનિવર્સિટી દ્વારા નકકી કરવામાં આવેલ રૂટ પર પરીક્ષા સંબંધિત પ્રશ્નપત્ર તથા સાહિત્ય સમય મર્યાદામાં નિયત સમય પહેલા જે તે કેન્દ્રો ઉપર પહોચતુ થઈ શકે તે રીતે ટેન્ડરરે વ્યવસ્થા કરવાની રહેશે. |
| 33. | બિલ તબક્કાવાર વહીવટી વિભાગ અથવા પરિક્ષા વિભાગ ખાતે જમા કરાવવના રહેશે તેમજ બિલનું ચુકવણું બિલ જમા થયાથી ૩૦ દિવસની અંદર ચુકવવામાં આવશે. |
| 34. | પરીક્ષાની કામગીરી સિવાય પણ યુનિવર્સિટીને જયારે જરૂર પડશે ત્યારે વાહન મોકલી આપવાના રહેશે. |
| 35. | ટેન્ડરની કોઈપણ વિગતના અર્થઘટન માટે યુનિવર્સિટીના વડાનો નિર્ણય આખરી ગણાશે. |
| 36. | ટેન્ડર રજુ કર્યા બાદ શરતચૂક, ભુલ,ગેરસમજ કે એવા અન્ય કોઈપણ ટેન્ડરમાં ફેરફાર કે સુધારા–વધારા ધ્યાને લેવામાં આવશે નહી. |
| 37. | પ્રથમ પ્રાઈમરી લાયકાત અંગે ઓનલાઈન વિગત તથા ફિઝીકલ જમા કરાવેલ સીલબંધ કવર (ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ફી) કમિટિ, હાજર હશે તે એજન્સીના પ્રતિનિધીશ્રીઓની હાજરીમાં ખોલવામાં આવશે.જે પાર્ટીઓ તરફથી પ્રાઈમરી લાયકાતની પૂર્તતા કરતા હશે તેઓની ફાઈનાન્સીયલ બીડ ઓપન કરવામાં આવશે. |
| | **ટેન્ડરરની લાયકાત :** |
| 1. | ટેન્ડરર જો ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજ કરેલા હોવા જોઈએ તથા પાવર ઓફ એર્ટનીના નોટરાઈઝ દસ્તાવેજ હોવા આવશ્યક છે, તે રીતે ટેન્ડરર જો કંપની કાયદા હેઠળ કે સહકારી મંડળીના કાયદા હેઠળ નોંધાયેલ હોય તો તેના બંધારણ અને પાવર ઓફ એર્ટનીના નોટરાઈઝ દસ્તાવેજ હોવા આવશ્યક છે. |
| 2. | ટેન્ડરરનું દરેક નાણાંકીય વર્ષનુ લઘુતમ ટર્ન ઓવર ૫,૦૦,૦૦૦/– (પાંચ લાખનું) છેલ્લા ત્રણ વર્ષનું હોવુ ફરજીયાત છે. જે માટે ચાર્ટડ એકાઉન્ટ દ્વારા પ્રમાણીત કરેલ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષના (2022-23, 2023-24 & 2024-25) કુલ ટર્નઓવરના પ્રમાણપત્ર અચૂક જોડવાના રહેશે. સદર નાણાંકીય પૂર્તતા થતી હોય તેવા ટેન્ડરર ટેન્ડર ભરવા માટે લાયક રહેશે. |
| 3. | આ કામની સેવા આપવા ઈચ્છુક ટેન્ડરરને સેવાઓ (વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડેથી) પુરી પાડવાનો ઓછામાં ઓછા ત્રણ (૩)વર્ષનો અનુભવ સાથે આ પ્રકારની સેવાઓ પુરી પાડવા માટે કાયદેસર રીતે નોંધાયેલ ફર્મ,એજન્સી, કંપની, સંસ્થા પાસે નોંધણી/લાયસન્સ હોવા ફરજીયાત છે. |
| 4. | ટેન્ડરર પાસે કોન્ટ્રાકટર તરીકેનું રજીસ્ટ્રેશન,આવકવેરા વિભાગ દ્વારા આપવામાં આવતા કાયમી ખાતા નંબર(PAN), GST No. વગેરે લાગુ પડતુ સર્વે અવશ્ય ધરાવતાં હોવા જોઈએ. |
| 5. | ટેન્ડરરે પોતે માલિકી/ભાગીદારી પેઢી/પ્રાઈવેટ લીમીટેડ કંપનીએ તેઓના માલિકના/તમામ ભાગીદારોના નામ, સરનામાં, કચેરી તેમજ રહેઠાણના સરનામાં, સંપર્ક નંબરો (મોબાઈલ અને લેન્ડ લાઈન ફોન નંબર) સાથેની વિગત તેઓના લેટરહેડ ઉપર અચૂક આપવાની રહેશે. તે સિવાય રજૂ કરેલ ટેન્ડર ફોર્મ માન્ય રહેશે નહિ. વધુમાં, ટ્રસ્ટ/સહકારી મંડળી, મલ્ટી સ્ટોર્સ એકટ હેઠળ નોંધાયેલ એજન્સીના કિસ્સામાં પણ આ વિગત |

| | |
|---|---|
| | અચૂક રજૂ કરવાની રહેશે. |
| 6. | ટેન્ડરની તમામ શરતો, કરારની શરતો અગર ટેન્ડર સ્વિકૃતિ,અસ્વિકૃતિ,નિયમોના અર્થઘટન કે વિવાદાસ્પદ પરિસ્થિતિમાં ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢનો નિર્ણય આખરી ગણાશે અને ટેન્ડરરને બંધનકર્તા રહેશે. |
| 7. | નિયત સમયમર્યાદામાં આવેલ ટેન્ડરો તારીખઃ ૦૧/૦૮/૨૦૨૬ ના રોજ બપોરે ૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં ખોલવામાં આવશે. હાજર રહેવા ઈચ્છતા ટેન્ડર ભરેલ પાર્ટી/પ્રતિનિધિએ હાજર રહેવાનું રહેશે |
| 8. | ઉપરોક્ત શરતો અમે વાંચી છે અને સંપૂર્ણપણે કબૂલ મંજૂર છે, અને તે મુજબ સમય મર્યાદામાં કામ સંતોષકારક રીતે પુરૂ કરવાની બાંહેધરી આપીએ છીએ. આ શરતો પૈકી કોઈપણ શરતનું ઉલ્લઘંન થશે અને તેને લઈને યુનિવર્સિટીને કંઈ નાણાકીય નુકસાની થશે તો તે સર્વે રકમ કુલસચિવશ્રી નકકી કરે તે રકમ અમો ભરપાઈ કરવા બંધાઈએ છીએ, અને તેની લેખિત ખાત્રીરૂપે નીચે અમોને અમારી સહી કરેલી છે. |
| 9. | કોઈપણ વિવાદ અંગે ન્યાયક્ષેત્ર જુનાગઢ રહેશે. |
| | **ટેન્ડરના ભાવો અને સમય મર્યાદા અંગે** |
| 1. | વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડેથી પુરી પાડવા સામેના ભાવ ટેન્ડર મુજબ ઓનલાઈન ભરવાના રહેશે. |
| 2. | ટેન્ડરમાં ભરવામાં આવેલ ભાવ તમામ ટેક્ષ સાથેના, ડ્રાઈવર એલાઉન્સ, નાઈટ હોલ્ટ ચાર્જ તથા સેવાઓ કચેરી મથક સુધી પહોંચતા કરવાના એમ તમામ સમાવેશ સાથેના આપવાના રહેશે. |
| 3. | ટેન્ડર સામે ભરવામાં આવેલા ભાવ વન–ટાઈમના રહેશે. ટેન્ડરમાં ભરવામાં આવેલ ભાવ કરારનામામાં નકકી થયેલ તારીખથી એક વર્ષ સુધી માન્ય રહેશે. તેમ છતા જરૂર જણાયે આ કરારનો સમયગાળો મહતમ એક વર્ષ સુધી લંબાવી શકાશે. **આ સમગ્ર સમયગાળા દરમ્યાન નિયત ભાવ ઉપરાંતનો કોઈપણ વધારો આપવામાં આવશે નહિ.** |
| | **:: ટેન્ડરની સ્વિકૃતિ અંગે ::** |
| 1. | ટેન્ડર પૂરેપુરૂ કે અંશતઃ સ્વિકારવા કે ના સ્વિકારવાનો નિર્ણય લેવાનો અબાધિત અધિકાર યુનિવર્સિટીને રહેશે. શકય હશે ત્યાં સુધી એક જ ટેન્ડરરના ભાવો મંજૂર કરવામાં આવશે. તેમ છતા કામગીરીને ઘ્યાને(જુદા–જુદા વાહનોનાં જુદા–જુદા ભાવો) લઈને એકથી વધુ ટેન્ડરરના ભાવો માન્ય રાખવાનો પણ અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે. |
| 2. | ટેન્ડર/કરારની કોઈપણ શરતોમાં સુધારા–વધારા કરવા,રદ્દ કરવી,ઉમેરો કરવો કે કોઈપણ શરતોના અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની આખરી સતા યુનિવર્સિટીની રહેશે. |
| 3. | ટેન્ડર અંગે કોઈપણ પત્ર વ્યવહાર કે ટેલીફોન કે રૂબરૂ મળીને કે અન્ય કોઈપણ રીતે ટેન્ડરની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરનાર પાર્ટીઓનું ટેન્ડર રદ્દ કરવામાં આવશે.તેમજ ટેન્ડરર તરીકે બ્લેક લીસ્ટ કરવામાં આવશે. |
| 4. | સ્વિકૃત થયેલા ટેન્ડરરે સ્વખર્ચે યુનિવર્સિટી સાથે રૂ.૩૦૦/–ના નોન–જયુડિશીયલ સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું કરવાનું રહેશે. |
| 5. | ટેન્ડરરે ટેન્ડરની તમામ શરતો કાળજીપૂર્વક વાંચી, સમજીને ટેન્ડર ભરવાના રહેશે. કોઈપણ જાતના શરતી ટેન્ડરો સ્વિકારવામાં આવશે નહિ. |
| 6. | ટેન્ડરરે નિયત કરવામાં આવેલ ટેકનીકલ બીડમાં માંગેલ વિગતો ઓનલાઈન ભરીને સંબંધિત દસ્તાવેજો સાથે ટેન્ડર ફોર્મ રજુ કરવાના રહેશે. ટેન્ડરરે રજુ કરવાના થતા દસ્તાવેજો ઓનલાઈન અને ઓફલાઈન એક સામન જ હોવા જોઈએ તેમજ નિયત દસ્તાવેજો જેવા કે ટેન્ડર ફી, ઈ.એમ.ડી. ફી વગેરે સાથેના નિયત દસ્તાવેજો રજુ કરેલ નહી હોય તો તે ટેન્ડર રદ/અમાન્ય ગણાશે. |

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[Gujarat Public Universities Act No. 15/2023]

Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)

Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in-----

| ટેન્ડર ક્યારે રદ્દ બાતલ ગણાશે? | |
|---|---|
| (1) | નિયત સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડર રદ્દ બાતલ ગણાશે. |
| (2) | ટેન્ડર ફોર્મમાં જણાવેલ લઘુતમ લાયકાતો કે કોઈપણ એક લાયકાત નહિ ધરાવનાર કોઈપણ ટેન્ડરર/એજન્સી/ટ્રસ્ટ/સહકારી મંડળી/ભાગીદારી પેઢી,મલ્ટી સ્ટોર્સ સોસાયટી એકટ હેઠળ નોંધાયલી એજન્સી તરફથી રજુ કરવામાં આવેલ ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે. |
| (3) | ટેન્ડરર દ્વારા ટેન્ડરફોર્મમાં જણાવવામાં/ભરવામાં આવેલ માહિતી અને બિડાણ કરેલ દસ્તાવેજો કોઈપણ સમયે ખોટા જણાશે તો ટેન્ડરરની સેવાઓ તાત્કાલીક અસરથી રદ્દ કરવામાં આવશે. તેમજ સિક્યુરીટી ડિપોઝીટ જપ્ત લઈ પાર્ટીને બ્લેક લિસ્ટ જાહેર કરવામાં આવશે. |
| (4) | કોઈપણ વ્યકિત/વ્યકિતઓકે જે સરકારી નોકરીમાં હોય અથવા સરકારશ્રીના પ્રતિનિધિ કે જવાબદારી સંભાળતા હોઈ અથવા આ યુનિવર્સિટીના કર્મચારી હોય તે/તેવાઓની એજન્સી સાથે ભાગીદીરી રીતે કે સીધા કે આડકતરી રીતે કોઈપણ પ્રકારે સંકળાયેલા હોવા જોઈએ નહિ. તેવી કોઈપણ બાબત યુનિવર્સિટીને ધ્યાનપર આવશે તો ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે. |
| (5) | ઓછી રકમની ઓફર કરનાર, કૃત્રીમ રીતે લોએસ્ટ હોય પણ ટેન્ડરની ટેકનિકલ અને અન્ય શરતો પુર્ણ કરતા ના હોઈ તેવા ટેન્ડર મુળેથી રદ્દ બાતલ ગણવામાં આવશે. |
| (6) | ટેન્ડરની કાર્યવાહી પેહેલા,દરમ્યાન કે આખરીકરણ સમયે કોઈપણ પ્રકારનું રાજકીય,વહિવટી કે અન્ય પ્રકારના અયોગ્ય દબાણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાવનાર કે તેઓ પ્રયત્ન કરનાર એજન્સી/ટ્રસ્ટ/કંપની/સહકારી મંડળી/ભાગીદારીપેઢી ,મલ્ટી સ્ટોર્સ સોસાયટી એકટ હેઠળ નોંધાયલી એજન્સી,ઈસમોના ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે. |
| (7) | અધુરી,અસ્પષ્ટ કે સંદિગ્ધ ભાષામાં અને શરતી ટેન્ડર ઓફર કરનાર ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે. |
| (8) | ટેન્ડરમાં જણાવેલ શરતોનું ઉલ્લંઘન કરનાર પાર્ટીનું ટેન્ડર રદ્દ બાતલ ગણાશે. |

# Tender for Hiring of Vehicles

# Technical Bid

## Section A: Tenderer General Information

| No. | Details | Description |
|---|---|---|
| 1 | Name and address of Company/Trust/ Institution/ Cooperative Institution/Agency | |
| 2 | Name and Address of Owner/ Trustee/ Management/ Partners | |
| | Type of Firm | |
| | Name of Proprietor | |
| | Phone/Fax No. | |
| | Mobile No. | |
| | E-mail ID | |
| | Website | |

## Section B: Primary Details

| Tender Process / Form Fee Details: | |
|---|---|
| D.D. No. | |
| Name of the Bank: | |
| Amount: | Rs. 1,500/- |
| Date: | |

| EMD Details: | |
|---|---|
| D.D. No. | |
| Name of the Bank: | |
| Amount: | Rs.30,000/- |
| Date: | |

| Details of Declaration | Yes/No |
|---|---|
| Declaration is to be submitted on 300/- rupees Non Judicial Stamp Paper that the tenderer is not defaulter, never blacklisted by any Government institution or department and has no binding of any police case. | |

**Section C: Registration Details**

| No. | Detail | Numbers | Date |
|---|---|---|---|
| 1 | Year of Establishment (Attached Copy) | | |
| 2 | Firm Registration No. (Attached Copy) | | |
| 3 | GST No. (Attached Copy) | | |
| 4 | PAN No. (Attached Copy) | | |
| 5 | Professional Tax No. | | |
| 6 | Others (If Any) | | |

**SectionD: Experience Certificate of Government/Semi-Government/ Corporate Office.(If any)**

| No. | Company Name | Place |
|---|---|---|
| 1 | | |
| 2 | | |
| 3 | | |
| 4 | | |
| 5 | | |

**Section E: Details of last three years turnover**

| No. | Years | Rupees |
|---|---|---|
| 1 | 2022-23 | |
| 2 | 2023-24 | |
| 3 | 2024-25 | |

**(Attached copy of authorized Chartered Accountant)**

**Section F: Details of Vehicles**

| No. | Vehicle Name | Purchase Year/Taxi Permit No.(Enclose Copy) | Registration No. & Date | Owners' Name | Details of Vehicle Tax | Accident Insurance |
|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | |
| 2 | | | | | | |
| 3 | | | | | | |
| 4 | | | | | | |
| 5 | | | | | | |

Signature of Bidder with Seal

**On Rs. 300/- Non Judicial Stamp Paper**

# Declaration

I.................................................hereby declare that our firm is not black listed and no enquiries/cases are pending against us by Govt. of India/Govt.of Gujarat or any Board/Universities, since inception of the firm/company.

I further undertake that if above declaration proves to be wrong/ incorrect or misleading, our tender/contract stands to be cancelled/terminated.

signature of authorized person

**પરિશિષ્ટ–૦૫**

## :: બાહેંધરી પત્રક ::

આથી અમો ટેન્ડરર એજન્સી ........................................................ વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ નિયત દરે પૂરી પાડવાના યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ ટેન્ડરમાં સમાવિષ્ટ તમામ શરતો/બોલીઓ/સૂચનાઓ/કરારના નિયમો તમામ મે/અમોએ વાંચેલ છે તેને હું/અમો બરોબર સમજયા છે, તમામ વિગતોથી હું/અમો માહિતીગાર થયા છે અને સ્વિકારીએ છીએ.

હું/અમોને આ કામગીરી કરવા માટે અમારી જવાબદારીઓ અને પૂરી પાડવાની ફરજોની જાણ થયેલ છે અને સ્વિકાર કરીએ છીએ તેમજ તેના ભંગ બદલ યુનિવર્સિટી તરફથી/અન્ય રાહે લેવાનાર પગલાઓ સામે પૂર્તતા કરવા હું/અમો તે ભરપાઈ કરવા બંધાયેલ છીએ. આ સાથે સર્વે બોલીઓ, શરતો અને ટેન્ડરની પધ્ધતિનો કોઈ પણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂણપણે સ્વિકાર કરું છુ/કરીએ છીએ. આ સમયગાળા દરમ્યાન અમારા કામ માટે અમો કોઈ ભાવવધારો માંગીશું નહી.

સ્થળ : ટેન્ડરરનુ નામ, સહી/કંપનીના

સિકકા

તારીખ :

# BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[Gujarat Public Universities Act No. 15/2023]

Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,

Khadiya, Junagadh-362263 (Gujarat)

Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in-----


## Tender for Hiring of Vehicles

## Financial Bid

( To be filled and submitted by Online only )

| Name of Work : E-Tender for providing various types of vehicles (with Driver) services on rent (Non-Transferable) | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Particular | Type of Vehicles | | | | | | | | | |
| | | (1) Swift Dzire, Etios, Amaze, Baleno, Aura etc. Any 4+1 seater | | | (2) Ertiga, Bolero, Maxx, Innova, Tata Sumo Etc. Any 7+1 seater | | | (3) Innova Crysta | (4) Mahindra Bolero Pikup | (5) Loading Vehicles (Eicher- Light & Medium Duty trucks) etc. | (6) Loading Vehicles (Eicher- Light & Medium Duty trucks) etc. |
| | | AC | Non AC | CNG AC | AC | Non AC | CNG AC | AC | Non AC | with tarpaulin | without tarpaulin |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 1 | Fix Rate upto 50 km. | | | | | | | | | | |
| 2 | Fix Rate upto 100 km. | | | | | | | | | | |
| 3 | Fix Rate upto 150 km. | | | | | | | | | | |
| 4 | Fix Rate upto 200 km. | | | | | | | | | | |
| 5 | Fix Rate upto 250 km. | | | | | | | | | | |
| 6 | Fix Rate upto 300 km. | | | | | | | | | | |
| 7 | Rate for per KM more Than 300 KM | | | | | | | | | | |
| 8 | Fix Rate upto 2000 km. Per Month | | | | | | | | | | |

**Condition:**

**All rates are Inclusive of GST, Night charges and Driver charges.**

**Note : If the vehicle is registered with Petrol, CNG Both by RTO. The rate will be paid only for CNG.**

**Date :**

Signature of Bidder with Seal